# સ્પીકર રીપેરીંગ

## (૧) પ્રસ્તાવના

### અ. ઉપયોગીતા :

સ્પીકર, રેડિયો, ટી.વી. ટેપ, માઈક વ. માટે અગત્યનું સાધન છે. જેના વડે ઈલેક્ટ્રીક વેવનું અવાજમાં રૂપાંતર થાય છે. રેડિયો ટી.વી.નો વપરાશ રોજબરોજ વધતો જાય છે. જેથી તેમાં વપરાતાં સ્પીકરનું રીપેરીંગ કામ બહોળા પ્રમાણમાં નીકળે છે. સ્પીકરનાં કોન કોઈલ કે મેગ્નેટ્સ ખરાબી આવવાથી અવાજ બરાબર નીકળતો નથી. અવાજ તરડાઈ બદલાઈ જાય વ. તકલીફો ઊભી થાય છે. પરિણામે સ્પીકર રીપેર કરાવવું અતિ આવશ્યક બને છે. સ્પીકર વિના રેડિયો ટી.વી. ટેપ જેવાં કોઈ પણ સાધન કામ આપી શકતાં નથી. આમ રોજબરોજ આ કામ માટે તકો ઉજ્જ્વળ થતી જાય છે.

### બ. બજાર વ્યવસ્થા :

સ્પીકર રીપેરીંગ કામ રેડિયો ટેપ વ. સાધનો રીપેર કરનાર વ્યક્તિ પાસેથી મોટા પ્રમાણમાં મળી શકે. આથી રેડિયો ટેપ ટી.વી. રીપેરીંગ કરનારના સંપર્કમાં રહી કામ મેળવી શકાય.

### ક. ધારણાઓ :

(૧) ઉદ્યોગ સ્થાપનાર વ્યક્તિને સ્પીકર રીપેરીંગ અંગેનો અનુભવ અને જાણકારી હોવી જરૂરી છે.

(૨) આ ઉદ્યોગ તાલુકા કે જિલ્લા કક્ષાએ જવા કામ મળી રહે ત્યાં ચાલી શકે.

## (૨) ઉત્પાદન પ્રક્રિયા :

સ્પીકર રીપેરીંગમાં સ્પીકર જોઈ તેમાં શું ખરાબી છે તે જોઈ રીપેર કરવાનું હોય છે. સામાન્ય રીતે તે કોન બદલાવવો, વોઈસ કોઈલ બદલાવવી મેગ્નેટને ચાર્જ કરવું વ. રીપેરીંગ કામ કરવાનું હોય છે. જેથી દરેક સ્પીકરમાં જુદું જુદું કામ કરવાનું રહે.

## (૩) ઉત્પાદનક્ષમતા :

દૈનિક ૨ થી ૮ ના ૨૦ સ્પીકરનું રીપેરીંગ કામ મળે જેમાં દરેક સાઈઝનો સમાવેશ થાય તેમ ધારણા કરી પ્રોજેક્ટની ગણત્રીઓ કરેલ છે.

## (૪) પરવાના અંગે ખાસ જરૂરિયાત

આ ઉદ્યોગ માટે કોઈ ખાસ પરવાનાની જરૂરિયાત રહેતી નથી.

## (૫) સ્થાયી મૂડી રોકાણ :

### અ. જમીન મકાન :

આ ઉદ્યોગ માટે ૧૦ x ૮ની ભાડાની જગ્યા પૂરતી થઈ રહે. માસિક ભાડું રૂ. ૧૫૦ ગણી શકાય. જે તાલુકા કે જિલ્લા કક્ષાએ ભાડાની રાખી શકાય, અથવા અરજદારને પોતાની હોય તો પણ ચાલે.

## બ. મશીનરી/સાધનો/ડાઈઝની વિગત

| મશીનરીની વિગત | | નંગ | કિંમત |
|---|---|---|---|
| (૧) | બેન્ચ ડ્રીલ ૧:૨ ઈંચ ઈલે. મોટર સાથે | ૧ | ૩,૫૦૦ |
| (૨) | મેગ્નેટ ચાર્જર ૧૦૦ વોટનું | ૧ | ૧૬,૦૦૦ |
| (૩) | હેન્ડ ટુલ્સ સોલ્ડરીંગ આયર્ન હથોડી, ડીસમીસ સેટ, કાતર, પાનાસેટ વ. | | ૨,૦૦૦ |
| (૪) | કોઈલ વાઈન્ડીંગ મશીન હેન્ડ ઓપરેટ | | ૨,૦૦૦ |
| | | | ૨૩,૫૦૦ |
| (૫) | ઓફિસ ફર્નિચર :<br>વર્કીંગ ટેબલ - ૧ ખુરશી - ૧ પંખો - ૧ સ્ટુલ | | ૫,૦૦૦ |
| (૬) | કુલ સ્થાયી મૂડી રોકાણ | | ૨૮,૫૦૦ |
| (૭) | ચાલુ મૂડી (કાર્યકારી ભંડોળ)<br>સ્પેરપાર્ટસ, જેવા કે કોન, કોઈલ, વાયર સ્પાઈડર<br>ડેસ્ટ કેપ રીંગ વ. તથા ૧ માસનો ૧ માણસનો પગાર | | ૧૦,૦૦૦ |
| (૮) | કુલ મૂડી રોકાણ | | ૩૮,૫૦૦ |
| (૯) | બેંક લોન સ્થાયી તથા વર્કીંગ કેપીટલ<br>બેંક લોન ૬ માસના મોનીટોરીયમ પીરીયડ બાદ<br>૪૦ માસિક હપ્તાથી ભરવાની રહેશે. વ્યાજનો દર ૧૨ ટકા ગણીએ. | | ૩૮,૫૦૦ |

## (૬) આવર્તક ખર્ચ (ઉત્પાદન ખર્ચ માસિક)

| | | |
|---|---|---|
| (અ) | કાચો માલ સ્પેરપાર્ટસ | ૪,૦૦૦ |
| (બ) | પગાર ખર્ચ : ૧ વ્યક્તિ, રૂા. ૨૫ દૈનિક, ૨૫ દિવસના | ૬૨૫ |
| (ક) | પાવર ખર્ચ | ૧૫૦ |
| (ડ) | બેંક હપ્તો વ્યાજ સાથે | ૭૫૦ |
| (ઈ) | પેકીંગ ખર્ચ | - |
| (ફ) | ઘસારા ખર્ચ | ૨૫૦ |
| (જ) | રીપેર સ્ટોર્સ | ૫૦ |
| (ઝ) | મકાન ભાડું | ૧૫૦ |
| (ઇ) | અન્ય | ૨૫ |
| | | ૬,૦૦૦ |

## (૭) કુલ વેચાણ :

દૈનિક ૨૦ સ્પીકર રીપેર થાય, એ દરેક સ્પીકરનું સરાસરી રીપેરીંગ કામ રૂા. ૧૫નું થાય તે હિસાબે માસિક આવક ૨૦ X ૧૫ X ૨૫ = ૭૫૦૦.

## (૮) નફા તોટાનો અંદાજ માસિક

| | |
|---|---|
| કુલ વેચાણ માસિક | રૂા. ૭,૫૦૦ |
| બાદ : માસિક આવર્તક ખર્ચ | રૂા. ૬,૦૦૦ |
| ચોખ્ખો નફો | રૂા.૧,૫૦૦ |

## (૯) ખાસ નોંધ :

આ ઉદ્યોગ જાણકારી ધરાવતી વ્યક્તિ માટે સ્થપાય તે ખાસ જરૂરી છે. બિનઅનુભવી વ્યક્તિ કામ કરી શકે નહીં.

## (૧૦) કાચા માલના સપ્લાયરનાં સરનામાં :

(૧) મે. રેડિયો સ્પેર્સ
બસ સ્ટેન્ડ સામે, રાજકોટ.

(૨) મે. ડાયમન્ડ ઈલેક્ટ્રોનિક્સ
બહેરામપુરા, વડોદરા - ૩૮.

(૩) મે. ઈન્ડિયન પેપર કોન
સાંગાનેટ, જયપુર.

## (૧૧) મશીનરી સપ્લાયરનાં સરનામાં :

(૧) મે. ડાયમન્ડ ઈલેક્ટ્રોનીક્સ
બહેરામપુરા, વડોદરા - ૩૮.

(૨) મે. હંસ ઈલેક્ટ્રોનીક્સ
બહેરામપુરા, વડોદરા-૩૭.

(૩) મે. કલ્પના ટ્રેડર્સ
લખપતરાય માર્કેટ, ન્યૂ દિલ્હી